પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૪ | ૫ જાન્યુઆરી, ૨૦૨૨, બુધવાર; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોનાની સૌથી સસ્તી દવા લોન્ચ

## પાંચ દિવસના કોર્સની કિંમત ૧૩૯૯ રુપિયા છે, કોરોના મહામારી દરમિયાન ઉપયોગમાં લેવાયેલી તમામ દવાઓમાં આ સૌથી સસ્તી એન્ટીવાયરલ દવા છે



મુંબઈ તા.૪

મોલનુપિરાવિર, આ એક એવી એન્ટીવાયરલ દવા છે જેને તાજેતરમાં જ ભારતમાં કોરોનાના હળવાથી સામાન્ય લક્ષણોની સારવાર માટે ઉપયોગમાં લેવાની મંજૂરી આપવામાં આવી છે. સોમવારના રોજ આ દવાને લોન્ચ કરવામાં આવી હતી. પાંચ દિવસના કોર્સની કિંમત ૧૩૯૯ રુપિયા છે. આ કિંમત પરથી કહી શકાય કે, કોરોના મહામારી દરમિયાન ઉપયોગમાં લેવાયેલી તમામ દવાઓમાં આ સૌથી સસ્તી એન્ટીવાયરલ દવા છે. એક સૂત્રએ જણાવ્યું કે હેતારો, સન ફાર્મા, નેટકો અને ડોક્ટર રેડ્ડી સહિત લગભગ ડઝનથી વધારે કંપનીઓ મર્ક અને તેના પાર્ટનર રિજબેક બાયો થેરાપ્યુટિક દ્વારા વિકસાવવામાં આવેલી ઓરલ થેરાપીને માર્કેટમાં લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે. તેઓ સંપૂર્ણ સારવાર માટે ૧૫૦૦થી ૨૫૦૦ રુપિયા સુધીમાં માર્કેટમાં રજૂ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી કોરોનાની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવતું રેમડેસિવિયર ઈન્જેક્શન નસમાં મારવામાં આવતુ હતું અને તેના માટે હોસ્પિટલ જવુ જરૂરી હતું.

● અનુસંધાન પાન-૭ પર

# ઓમિક્રોનથી સંક્રમિતો સપ્તાહમાં જ સારા થાય છે

## ઓમિક્રોનના ૧૦૫ દર્દીની કેસ હિસ્ટ્રીના વિશ્લેષણ બાદ સાબિત થયું છે, આ ૧૦૫ દર્દીઓમાં ૭ બાળકો પણ હતા

નવી દિલ્હી તા.૪

દેશભરમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. દેશની રાજધાની દિલ્હીમાં ઓમિક્રોનના કેસ પણ રોકેટગતિએ વધી રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પોતે કોવિડ સંક્રમિત થયા છે. પરંતુ રાહત આપનારી બાબત એ છે કે કોરોનાના આ નવા વેરિયન્ટથી સંક્રમિત થનારા મોટાભાગના દર્દીઓ એક જ અઠવાડિયામાં રિકવર થઈ જાય છે. ઓમિક્રોનના ૧૦૫ દર્દીઓની કેસ હિસ્ટ્રીનું વિશ્લેષણ કર્યા પછી આ સાબિત થયું છે. આ ૧૦૫ દર્દીઓમાં સાત બાળકો પણ હતા. આ તમામ દર્દીઓની સારવાર દિલ્હીમાં આવેલી લોકનાયક જયપ્રકાશ નારાયણ હોસ્પિટલમાં કરવામાં આવી હતી. લોકનાયક જયપ્રકાશ નારાયણ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડોક્ટર સુરેશ કુમારે જણાવ્યું કે, ઓમિક્રોન સંક્રમિત લગભગ ૯૯ ટકા દર્દીઓ એક અઠવાડિયામાં સાજા થઈ ગયા. આ વેરિયન્ટ અત્યંત ઝડપથી ફેલાય છે, પરંતુ ડેલ્ટા વેરિયન્ટની સરખામણીમાં તે શરીરમાંથી ઝડપથી બહાર પણ નીકળી જાય છે. ડેલ્ટા વેરિયન્ટથી સંક્રમિત લોકોને સાજા થવામાં ઓછામાં ઓછા ૭થી ૧૦ દિવસ લાગતા હતા. અમુક દર્દીઓને તો ૧૦થી વધારે દિવસ લાગતા હતા. પરંતુ ઓમિક્રોનના આંકડા જણાવે છે કે, ૯૨ ટકા દર્દીઓના આરટી-પીસીઆર ટેસ્ટ અઠવાડિયામાં જ નેટેગિટ આવી જાય છે. પાંચ ટકા દર્દીઓનો આઠમા દિવસે અને ૩ ટકા દર્દીઓનો નવમા દિવસે રિપોર્ટ નેગેટિવ આવે છે. ડોક્ટર સુરેશ કુમાર જણાવે છે કે, જે દર્દીઓને ડાયાબિટિસ, હાઈપરટેન્શન અથવા ટીબી જેવી ગંભીર બીમારીઓ હોય તેમને ઓમિક્રોન સંક્રમણ દૂર કરવામાં થોડો વધારે સમય લાગે છે.




# દેશમાં કોરોનાના ૩૭૩૭૯ નવા કેસ

## ૨૪ કલાકમાં ૧૨૪ના મોત : અત્યાર સુધીમાં ૩૪૩૦૬૪૧૪એ કોરોનાને મ્હાત આપી

નવી દિલ્લી,તા.૪

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસો વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૭,૩૭૯ નવા કેસ નોંધાયા હતા. જ્યારે તેની સામે ૧૧,૦૦૭ લોકોએ કોરોનાને મ્હાત આપી હતી. તો ૧૨૪ લોકોના કોરોનાને કારણે મોત નીપજ્યા હતા. દેશમાં અત્યારે કોરોનાના કુલ કેસ ૩,૪૯,૬૦,૨૬૧ છે, જ્યારે ૧,૭૧,૮૩૦ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં ૩,૪૩,૦૬,૪૧૪ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. તો અત્યાર સુધીમાં કુલ ૪,૮૨,૦૧૭ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૧,૪૬,૭૦,૧૮,૪૬૪ લોકોનું રસીકરણ કરાયું છે. છેલ્લા કેટલાક દિવસથી ગુજરાતમાં કોરોનાના નવા કેસમાં વધારો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૨૫૯ કેસ નોંધાયા છે. બીજી તરફ ૧૫૧ દર્દીઓ રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૯,૦૪૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. તો બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૦૯ ટકાએ પહોંચ્યો છે. રાજ્યમાં કોરોના સંક્રમણથી આજે ૩ મોત થયા છે. આજે ૭,૪૬,૪૮૫ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબૂતીથી લડી રહી છે.



# દિલ્હી-યુપીમાં સામાન્ય, મ. પ્રમાં ભારે વરસાદની આગાહી

## ઉત્તર ભારતના મોસમ પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર

નવી દિલ્હી તા.૪

ઉત્તર ભારતના મોસમ પર પશ્ચિમી વિક્ષોભ એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી રહી છે. પહાડી રાજ્યોમાં બરફવર્ષા થઈ રહી છે તો મેદાની વિસ્તારમાં ધુમ્મસ અને ઠંડીની વચ્ચે વરસાદની ગતિવિધિઓ વધવાની સંભાવના છે. હવામાન વિભાગ તરફથી ત્રણ દિવસની અંદર ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યોમાં સામાન્યથી મધ્યમ વરસાદ થવાની આશા છે. દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં સામાન્ય વરસાદ તો મધ્ય પ્રદેશમાં કેટલાક સ્થળ પર ભારે વરસાદની સાથે કરા પડવાની આશંકા છે. જેનાથી તાપમાનમાં એકવાર ફરી ઘટાડો આવવાની આશા છે. હવામાન પૂર્વાનુમાન એજન્સી સ્કાયમેટ અનુસાર દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન પર ચક્રવાતી હવાઓનો ક્ષેત્ર બનેલુ છે. હવામાન વિભાગે આગામી કેટલાક કલાકમાં યુપીના સહારનપુર, શામલી, મુઝફ્ફરનગર, ખતૌલી અને હરિયાણાના કુરૂક્ષેત્ર, કરનાલ, જિંદ, પાણીપત અને આસપાસના વિસ્તારમાં વરસાદનુ અનુમાન છે. હવામાન વિભાગે પૂર્વાનુમાન લગાવ્યુ કે પશ્ચિમી ઉત્તર પ્રદેશથી હવામાનમાં પરિવર્તન આજે એટલે કે ૦૪ જાન્યુઆરીની સાંજે જોવા મળશે. આકાશમાં વાદળ છવાઈ રહેવાની વચ્ચે દિવસના સમયે તાપમાન વધશે પરંતુ ઠંડી રહેશે. વાદળોની અવર-જવરની વચ્ચે કેટલાક સ્થળો પર વરસાદ થવાની આશા છે.

# દિલ્હીમાં વિકેન્ડ કર્ફ્યુ લદાયો

## ૫૦ ટકા સ્ટાફને જ મંજૂરી : સરકારી ઓફિસોમાં જરુરી કામ કરનારા કર્મચારીઓના બાદ કરતા બાકીના કર્મચારીઓ ઘરેથી કામ કરશે

નવી દિલ્હી, તા.૪

દિલ્હીમાં કોરોનાના વધતા જતા કેસના કારણે હવે રાજ્ય સરકારે વીકએન્ડ કરફ્યુ લગાવવા માટે તૈયારી કરી દીધી છે. દિલ્હીના ડેપ્યુટી સીએમ મનિષ સિસોદીયાએ કહ્યુ હતુ કે, ઓમિક્રોન વેરિએન્ટનના કારણે જાનનુ જોખમ ઓછુ છે પણ તેનુ સંક્રમણ જેટલુ જલ્દી કાબૂમાં લઈ શકાય તેટલુ સારુ છે અને એટલે અમે નિર્ણય લીધો છે કે, શનિવારે અને રવિવારે દિલ્હીમાં કરફ્યુ લગાવવામાં આવશે. તેમણે સાથે સાથે કહ્યુ હતુ કે, દિલ્હીમાં જેટલી પણ સરકારી ઓફિસોમાં છે તેમાં જરુરી કામ કરનારા કર્મચારીઓના બાદ કરતા બાકીના કર્મચારીઓ ઘરેથી કામ કરશે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૦૦૦ નવા કેસ સામે આવ્યા બાદ સિસોદિયાએ કહ્યુ તહુ કે, પ્રાઈવેટ ઓફિસોમાં પણ ૫૦ ટકા કર્મચારીઓ ઘરેથી કામ કરશે.બસ અને મેટ્રોમાં માસ્ક વગર મુસાફરી કરવાની પરવાનગી આપવામાં નહીં આવે. દિલ્હીમાં કોરોનાના કેસ વધવાની સાથે સાથે પોઝિટિવિટી રેટ પણ ૬.૪૬ ટકા થઈ ગયો છે.

## કેજરીવાલને કોરોના પોઝિટિવ

નવી દિલ્હી,તા.૪

ઓમિક્રોનના વધતા જોખમ વચ્ચે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. તેમણે પોતે મંગળવારે સવારે ટ્વીટ કરીને લોકોને આ અંગેની જાણકારી આપી છે. તેઓને કોરોનાના હળવા લક્ષણો છે. કોરોના પોઝિટિવ આવ્યા બાદ અરવિંદ કેજરીવાલે પોતાને ઘરની અંદર ક્વોરેન્ટાઈન કરી લીધા છે. તેમણે તેમના સંપર્કમાં આવેલા લોકોને પણ ટેસ્ટ કરાવવા કહ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રીએ ટ્વિટ કરીને કહ્યું હું કોરોના પોઝિટિવ આવ્યો છુ. મેં મારી જાતને ઘરની અંદર ક્વોરેન્ટાઈન કર્યો છે. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન જે લોકો મારા સંપર્કમાં આવ્યા છે તેઓએ પોતાને આઈસોલેટ કરી દે અને પોતાનો ટેસ્ટ કરાવી લે.

# બરેલી કોંગ્રેસની મેરેથોનમાં ભાગદોડમાં અનેક છાત્રા દટાઈ



બરેલી, તા.૪

ઉત્તર પ્રદેશના બરેલીમાં કોંગ્રેસની મેરેથોનમાં ભાગદોડ મચી ગઈ. અનેક વિદ્યાર્થીનીઓ ઉપરાઉપરી દટાઈ ગઈ. વિદ્યાર્થીનીઓના જૂતા ચપ્પલ પણ રસ્તા પર વિખરાયેલા જોવા મળ્યા. આ ભાગદોડમાં ઘાયલ વિદ્યાર્થીનીઓને હોસ્પિટલ લઈ જવાઈ છે. આ મેરેથોનનો વીડિયો પણ સામે આવ્યો છે. ભીડમાં કોરોના પ્રોટોકોલનું પાલન ન થયું. સરકારી માર્ગદર્શિકાના ધજાગરા ઉડ્યા. હાલ આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે ખુબ મોટી સંખ્યામાં વ્દિયાર્થીઓ આ મેરેથોનમાં ભાગ લઈ રહ્યા હતા. અચાનક દોડતી

● અનુસંધાન પાન-૭ પર

# ગલવાન ખીણમાં ભારતીય સેનાએ તિરંગો લહેરાવ્યો

## ગલવાન ઘાટીમાં ભારતીય સૈનિકો તરફથી તિરંગો ફરકાવવાને ચીનને વળતો જવાબ મનાઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૪

ભારતીય સેનાએ નવા વર્ષ પર લદ્દાખની ગલવાન ઘાટીમાં સરહદ પર તિરંગો ફરકાવ્યો છે. જ્યારે મીડિયાના એક વર્ગમાં ચીન દ્વારા ગલવાન ઘાટીમાં ઝંડો ફરકાવવાના સમાચાર સામે આવ્યા હતા. આ પહેલા પણ તે પ્રતિક્રિયા આપતા પાછલા ગુરૂવારે કેન્દ્ર સરકારે કહ્યુ હતું કે, અમને કેટલાક મીડિયા રિપોર્ટના માધ્યમથી ચીન તરફથી અરૂણાચલના કેટલાક



ભારતીય સેનાના સૂત્રો પ્રમાણે સૈનિકોએ નવા વર્ષની પૂર્વ સંધ્યા પર તિરંગો ફરકાવ્યો હતો. ભારતીય સેના તરફથી તિરંગો ફરકાવવાના સમાચાર તેવા સમયે આવ્યા છે, ખબર હતી કે ચીને અરૂણાચલ પ્રદેશના કેટલાક વિસ્તારના નવા નામ રાખ્યા છે. ચીને વિવાદિત લેન્ડ બાઉન્ડ્રી લોને લાગૂ કરવા પહેલા આ પગલું ભર્યું હતું. આ અહેવાલ પર ભાગના નામ બદલવાની માહિતી મળી હતી. પરંતુ નામ બદલવાથી હકીકત બદલતી નથી. અરૂણાચલ પ્રદેશ હંમેશા ભારતનો અભિન્ન ભાગ હતું અને આગળ પણ રહેશે. ચીનના પગલાં વિશે પૂછવા પર વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું હતું કે, ચીને ૨૦૧૭માં પણ આ પ્રકારનું પગલું ભર્યુ હતું. ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઘર્ષણ થયું હતું. તેમાં ૨૦ ભારતીય સૈનિક શહીદ થયા હતા. આ સિવાય ઘણા મીડિયા રિપોર્ટમાં ચીનના ૪૦ સૈનિકોના મોતના સમાચાર સામે આવ્યા હતા. હવે ગલવાન ઘાટીમાં ભારતીય સૈનિકો તરફથી તિરંગો ફરકાવવાને ચીનને વળતો જવાબ માનવામાં આવી રહ્યો છે. ગલવાન ઘાટીમાં બંને દેશોના સૈનિકો વચ્ચે ઘર્ષણ બાદ સ્થિતિ બદલાય છે. ઘણા રાઉન્ડની વાતચીત બંને દેશો વચ્ચે થઈ ચુકી છે અને ત્યારબાદ મોર્ચા પરથી ચીને પોતાના સૈનિકોની તૈનાતીને ઓછી કરી છે કે હટાવી લીધી છે.

# ચીનમાં કોરોનાના ત્રણ દર્દી આવતા લોકડાઉન લગાવાયું

બીજિંગ, તા.૪

કોરોનાએ ફરી દુનિયામાં હાહાકાર મચાવવાનો શરુ કર્યો છે.કોરોનાની બીજી લહેર કેટલી ભયાનક હતી તે બધા જોઈ ચુકયા છે. ચીન કોરોનાને લઈને ભારે સતર્કતા વરતી રહ્યુ છે અને ચીનના ૧૦ લાખની વસતી ધરાવતા શહેર યુજુમાં તો માત્ર ત્રણ જ કોરોનાના કેસ સામે આવ્યા બાદ આખા શહેરમાં લોકડાઉન લગાવી દેવાયુ છે.સરકાર દ્વારા લોકોને કામ વગર ઘરની બહાર નહીં નિકળવા માટે ચેતવણી આપવામાં આવી છે. સોમવારે સરકારે કહ્યુ હતુ કે, લોકો ઘરમાં રહે તે જરુરી છે અને શહેરમાં સોમવાર રાતથી લોકડાઉન લાગુ કરાયુ છે.

ચીન દ્વારા પહેલા જ આ શહેરમાં બસ અને ટેક્સી સેવા પર રોક લગાવી દેવાઈ છે.હવે શોપિંગ મોલ, ઝૂ જેવા સ્થળો પણ બંધ કરવામાં આવી રહ્યા છે. ચીનમાં જોકે બીજા દેશો જેટલા કેસો સામે આવી રહ્યા નથી.મંગળવારે ચીનમાં કોરોનાના ના ૧૭૫ કેસ સામે આવ્યા છે.

# કેન્દ્રીય કર્મચારીઓને ૧૮ માસના પેન્ડિંગ ડીએ એરિયર્સ સાથે ચુકવવાની તૈયારી

નવી દિલ્હી,તા.૪

કેન્દ્ર સરકારના ૩૧ લાખથી વધારે કર્મચારીઓને ટૂંક સમયમાં નવા વર્ષની બમ્પર ભેટ મળવા જઈ રહી છે. કેન્દ્ર સરકાર આ મહિને મોંઘવારી ભથ્થાના એરિયરની ચૂકવણી કરી શકે છે. સરકાર છેલ્લાં ૧૮ મહિનાના અટકેલા ઢ્ઢછ એરિયરની એકસાથે ચૂકવણી કરવાની તૈયારીમાં છે. જો આવું થશે તો આવનારા દિવસોમાં કેન્દ્રીય કર્મચારીઓને એકવખતમાં બે લાખ રૂપિયાથી વધારેની રકમ હાથમાં આવી શકે છે. એક સરકારી રિપોર્ટ પ્રમાણે એક માર્ચ ૨૦૧૯થી કેન્દ્ર સરકારના કર્મચારીઓની સંખ્યા ૩૧.૪૯ લાખ હતી. કોરોનાના કારણે એવી પરિસ્થિતિ ઉભી થઈ કે ડીએની ચૂકવણી ૧૮ મહિનાથી પેન્ડિંગ હતી. હવે સમાચાર સામે આવી રહ્યા છે કે કેન્દ્ર સરકાર આ કર્મચારીઓને ૧૮ મહિનાના પેન્ડિંગ ડીએને આ મહિને ક્લિયર કરવાની છે. જો ૧૮ મહિનાનું પેન્ડિંગ ડીએ ચૂકવવામાં આવશે તો અનેક કર્મચારીઓને એકવારમાં બે લાખ રૂપિયાથી વધારેની રકમ મળવાની છે. સમાચારનું માનીએ તો સેન્ટ્રલ

● અનુસંધાન પાન-૭ પર


FIGHT CORONA

Maunil Shah
M. 90998 72551

Sanitization & Fogging Service

Flats | Bunglows | Office | Building

FDA & ISO Certificate Approved સેનેટાઇઝર સ્પ્રે તથા ફોગર મશીનથી સર્વિસ આપવામાં આવશે.

PREVENT ALL COVID VARIANTS & BACTERIA